જનસંપર્ક અધિકારી,

પોલીસ કમિશનરશ્રીની કચેરી,અમદાવાદ શહેર

પી.આર.ઓ. : ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩

કંટ્રોલરૂમ નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૧૭/૦૪/૨૦૨૬ શુક્રવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ– **સમાચાર યાદી નં.૫૪૬/૨૦૨૬**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૫૫ કેસ કરી, ૪૬ વ્યક્તિઓને ઝડપી, ૨૯૭ લીટર દેશી દારૂ, ૦૨ બોટલ ઇંગ્લીશ દારૂ, ૧૩૦ ક્વાર્ટર ઇંગ્લીશ દારૂ, ૭૯૨ બિયર ટીન કબજે કરી હતી. તેમજ જુગાર ધારા હેઠળ ૦૮ કેસ કરી, ૧૮ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૩૯,૨૭૦/– અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ અટકાયતઃ– **સમાચાર યાદી નં.૫૪૭/૨૦૨૬**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ બી.એન.એસ.એસ.૧૨૬,૧૨૮,૧૨૯,૧૭૦ મુજબ ૪૧૩ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી.૯૩ મુજબ ૭૩ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૦૭ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

વિશ્વાસઘાત અને છેતરપીંડીઃ– **સમાચાર યાદી નં.૫૪૮/૨૦૨૬**

વાસણાઃ નિરવભાઇ શરદકુમાર શાહ (ઉ.વ.૫૨)(ધંધો:–કન્સલ્ટન)(રહે.આયોજનનગર સોસાયટી શ્રેયસ ઓવરબ્રીજ પાસે વાસણા) એ તા.૧૬/૦૪/૨૦૨૬ ના રોજ વાસણા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે આજથી ત્રણેક વર્ષ પહેલા થી આજદીન સુધીના સમયગાળા દરમ્યાન પાલડી ભદ્રા સુખ–શાંતી કોમ્પલેક્ષ ખાતે આવેલ નિરવભાઇની "શ્રેય એજ્યુકેશન ઇન્ટરનેશનલ" ના નામથી ઇમીગ્રેશન કન્સલ્ટન્સી ની કામગીરી કરે છે. નિરવભાઇ વિઝા અંગેની કામગીરી આરોપી (૧) અર્પણ મધુકર (ક્રિશ ઓવરસીસના ભાગીદાર) અને (૨) અમિત પટેલ (ક્રિશ ઓવરસીસના ભાગીદાર) (રહે.વિજય શોપીંગ સેંટર ત્રીજો માળ સંતરામ રોડ નડીયાદ શહેર) નાઓ દ્વારા કરાવતા હતા. જેથી નિરવભાઇના ગ્રાહક કૃપાબહેન કૃણાલભાઈ પટેલ નાઓ ને "વિઝા કંન્ફરમેશન ઓફ સ્પોશરશીપ" નુ કામ કરાવવાનુ હોવાથી નિરવભાઇએ આરોપી અર્પણ તથા અમિત નાઓને કૃપાબહેનનુ (C.O.C.) લાવી આપવા સારૂ કૃપાબહેનના તમામ ડેટાની વિગતો આપી હતી તેમજ કૃપાબહેન પાસેથી રૂપિયા ૨૪,૫૦,૦૦૦/– મેળવી આરોપી અર્પણ અને અમિતને આપેલ હતા. જે કૃપાબહેનના ડેટા આધારે કંન્ફરમેશન ઓફ સ્પોશરશીપ ના લેટરમાં કૃપાબહેનની ખોટી માહીતી ભરેલ હોવાથી નિરવભાઇ શાહએ આ લેટર માન્ય ન રાખતા કૃપાબહેને આપેલ રૂપિયા નિરવભાઇએ પરત માંગતા આરોપીઓએ રૂપિયા બાબતે ગલ્લા–તલ્લા કરતા નિરવભાઇએ પોતાના રૂપિયા ૨૪,૫૦,૦૦૦/– કૃપાબહેનને આપી દિધા હતા. જે આરોપીઓએ ખોટા ડોક્યુમેન્ટ બનાવી ખોટુ સર્ટીફીકેટ ઉભુ કરી અભ્યાસ અંગે ખોટો બનાવટી પુરાવાઓ ઉભા કરી સાચા તરીકે ઉપયોગ કરી તેમજ નિરવભાઇને રૂપિયા પરત નહી કરી વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એ.ડી.જાદવ ચલાવે છે.

આત્મહત્યાઃ– **સમાચાર યાદી નં.૫૪૯/૨૦૨૬**

વાસણાઃ ગીતાબહેન વા/ઓ અર્જુનસિંહ પુરોહિત (ઉ.વ.૩૩)(રહે.અભિલાષા સોસાયટી જીવરાજ પાર્ક વાસણા) એ અગમ્ય કારણસર તા.૧૫/૦૪/૨૦૨૬ રાતના ૯/૩૦ વાગ્યા પહેલા પોતાના ઘરે છતના હુક સાથે સાડી બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે વાસણા પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઈ.શ્રી વી.આર.દરબાર ચલાવે છે.

મેઘાણીનગરઃ ભીખાભાઇ અમરતલાલ સોનેજી (ઉ.વ.૮૦)(રહે.ગુજરાત હાઉસિંગ બોર્ડ આઇ.જી.પી. કંમ્પાઉન્ડ પાસે મેઘાણીનગર) એ પોતાની બીમારીથી કંટાળી તા.૧૬/૦૪/૨૦૨૬ સવારના ૭/૩૦ વાગ્યાના સુમારે રહેણાંક મકાનના બીજા માળેથી પોતાની જાતે નીચે કુદી જતા શરીરે ગંભીર ઇજાઓ થતા સારવાર માટે તેમને સિવિલ હોસ્પિટલ ખાતે દાખલ કર્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન સવારના ૯/૩૦ વાગે તેમનુ મૃત્યુ નિપજ્યુ હતુ. આ અંગે મેઘાણીનગર પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઈ.શ્રી એચ.બી.પટેલ ચલાવે છે.

ઓઢવઃ ઓઢવ એસ.પી.રીંગરોડ શ્રીરામ એસ્ટેટની બાજુમા શેડ નંબર બી/૬૪ મધુરમ એસ્ટેટ ખાતે રહેતા અને ત્યાંજ કામ કરતા રમેશકુમાર નેકારામ ગર્ગ (ઉ.વ.૨૨) એ અગમ્ય કારણસર તા.૧૬/૦૪/૨૦૨૬ સવારના ૬/૦૦ વાગ્યા પહેલા મધુરમ એસ્ટેટ ખાતે પોતાની જાતે ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે ઓઢવ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી રમેશભાઈ બોઘાભાઈ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
પી.આર.ઓ. યુનિટ
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી